



પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૯૦ | ૧૦ જુન, ૨૦૨૧, ગુરૂવાર; વૈશાખ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# ગુજરાતમાં વિધિવત્ ચોમાસાનું આગમન

## વલસાડ ધોધમાર વરસાદ ખાબક્યો : ખારવેલમાં ૬ ઈંચથી વધુ વરસાદ વરસ્યો



ગાંધીનગર,તા.૯

વલસાડ જિલ્લાના વાતાવરણમાં પણ પલટો આવ્યો હતો. ગઈકાલ બાદ આજે પણ મોડી રાતથી વાદળછાયા વાતાવરણ વચ્ચે જિલ્લાના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ જામ્યો હતો. રાજ્યનું ચેરાપૂંજી એવા કપરાડા વિસ્તારમાં મેહુલિયાએ ધમાકેદાર એન્ટ્રીની દસ્તક આપી છે. વાપી અને આસપાસના વિસ્તારોમાં મોડી રાતથી વરસાદી ઝાપટાંની શરૂઆત થઈ હતી.

બુધવારે સવારે પણ આકાશ વાદળોથી ઘેરાયું હતું. વરસાદની શરૂઆત થઈ હતી. ગઈકાલે પણ જિલ્લાના વાપી-વલસાડ સહિત અનેક વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો, સાથે દાદરા-નગરહવેલીમાં પણ સવારે ભારે વરસાદ પડ્યો હતો. મોડી રાતથી જિલ્લાના અંતરિયાળ વિસ્તાર એવા કપરાડામાં નોંધપાત્ર વરસાદ વરસ્યો હતો. કપરાડા સાથે જિલ્લાના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ જામ્યો હતો.

મહત્ત્વપૂર્ણ છે કે અત્યારે જિલ્લામાં કેરીની સીઝન ચાલી

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યના વહીવટી તંત્રમાં વ્યાપક ફેરફારો : ૨૬ સચિવો બદલાયા

| | |
|---|---|
| પંકજકુમાર | અધિક મુખ્ય સચિવ, ગૃહ વિભાગ |
| વિપુલ મિત્રા | અધિક મુખ્ય સચિવ, ગ્રામ વિકાસ |
| ડો. રાજીવ ગુપ્તા | અધિક મુખ્ય સચિવ, ઉદ્યોગ ખાણ |
| એ. કે. રાકેશ | અધિક મુખ્ય સચિવ, સામાન્ય વહીવટ |
| સુનયના તોમર | અધિક મુખ્ય સચિવ, સામાજિક ન્યાય અને રોજગાર |
| કમલ દયાણી | અધિક મુખ્ય સચિવ, મહેસૂલ |
| મનોજકુમાર દાસ | અધિક મુખ્ય સચિવ, બંદરો અને વાહન વ્યવહાર |
| મનોજ અગ્રવાલ | અધિક મુખ્ય સચિવ, આરોગ્ય |
| અરૂણ સોલંકી | અધિક મુખ્ય સચિવ, વન અને પર્યાવરણ |
| શાલીની અગ્રવાલ | મ્યુનિસિપલ કમિશનર, વડોદરા |
| વિજય નહેરા | સચિવ, સાયન્સ એન્ડ ટેકનોલોજી |
| રમેશચંદ્ર મિના | ડાયરેક્ટર, સ્પીપા |
| સોનલ મિશ્રા | સચિવ, ગ્રામ વિકાસ |
| મમતા વર્મા | અગ્ર સચિવ, ઊર્જા અને પેટ્રોકેમિકલ |
| હરિત શુક્લ | અગ્ર સચિવ, પ્રવાસન |
| રૂપવંતસિંહ | કમિશનર, જીઓલોજી એન્ડ માઈનિંગ |
| પી. સ્વરૂપ | કમિશનર, જમીન સુધારણા |
| મનીષા ચંદ્રા | સચિવ, નાણાં વિભાગ |
| હર્ષદ પટેલ | સચિવ, શ્રમ અને રોજગાર |
| પી. ભારતી | ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન |
| રણજિતકુમાર | કમિશનર, માઈક્રો અને સ્મોલ મીડિયમ એન્ટરપ્રાઈઝ |
| એચ. કે. પટેલ | મેનેજિંગ ડાયરેક્ટર, ગુજરાત નાગરિક પુરવઠા નિગમ |
| સતીષભાઈ પટેલ | કમિશનર ઓફ સ્કૂલ |

# બે-ત્રણ દિ'માં અમદાવાદમાં વરસાદની એન્ટ્રી

### વરસાદના હવામાન ખાતાના વરતારાથી રાજ્યના ખેડૂતોને રાહત, પરિવારો વાવણીના કામમાં જોતરાઈ ગયા

અમદાવાદ, તા. ૯

ગુજરાતમાં ચોમાસું સમય કરતાં થોડુ વહેલું શરૂ થવાની સંભાવનાઓ વચ્ચે હવામાન વિભાગે જણાવ્યું કે, દક્ષિણ પશ્ચિમ ચોમાસું આજે (૯ જૂન) સમગ્ર મધ્ય અને ઉત્તર અરબી સમુદ્રના કેટલાક ભાગોમાં તેમજ દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં આગળ વધ્યું છે, અને આગામી બેથી ત્રણ દિવસમાં અમદાવાદ પહોંચી જવાની શક્યતા છે. અરબી સમુદ્રમાં સર્જાયેલા સાઈક્લોનિક સર્ક્યુલેશનને પગલે મહારાષ્ટ્રમાં ચોમાસાનું આગમન થઈ ચૂક્યું છે.

રાજયમાં આગામી ૫ દિવસમાં વરસાદની આગાહીઃ ૧૦ જૂનઃ વલસાડ, નવસારી, સુરત, ડાંગ, તાપી, નર્મદા, દમણ અને દાદરા નગર હવેલી (હળવેથી મધ્યમ વરસાદ). ૧૧ જૂનઃ વલસાડ, નવસારી, સુરત, દમણ અને દાદરા નગર હવેલી, ભાવનગર, અમરેલી અને ગીર સોમનાથ (હળવેથી ભારે વરસાદ).૧૨ જૂનઃ વલસાડ, નવસારી, દમણ, દાદરા નગર હવેલી, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ (હળવેથી મધ્યમ વરસાદ). ૧૩ જૂનઃ વલસાડ, નવસારી, સુરત, ડાંગ, તાપી, નર્મદા, ભરૂચ, દમણ, દાદરા નગર હવેલી, અમદાવાદ, આણંદ, પોરબંદર, ગીર સોમનાથ, ભાવનગર, અમરેલી, રાજકોટ, પોરબંદર, બોટાદ અને દીવ (હળવેથી મધ્યમ વરસાદ). ૧૪ જૂનઃ દમણ, દાદરા નગર હવેલી, આણંદ, અમદાવાદ, પંચમહાલ, ખેડા, દાહોદ, ભાવનગર, ગીર સોમનાથ, અમરેલી, બોટાદ, જુનાગઢ, પોરબંદર, રાજકોટ, સુરેન્દ્રનગર, કચ્છ અને દીવ (હળવાથી મધ્યમ વરસાદ).

## પૂર્વ કેન્દ્રીય મંત્રી જિતિન પ્રસાદ ભાજપમાં જોડાયા

**કોંગ્રેસના નેતૃત્વથી નાખુશ વધુ એક નેતાનો પક્ષપલટો : જિતિન પ્રસાદનું નામ તે યુવા નેતાઓમાં લેવામાં આવે છે જેમને રાહુલ ગાંધીના અત્યંત નજીકના માનવામાં આવે છે**



લખનઉ, તા. ૯

કોંગ્રેસ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી જિતિન પ્રસાદ ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ ગયા છે. તે કોંગ્રેસ નેતૃત્વથી ખુશ નહોતા. જિતિનને ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ જેપી નડ્ડાએ પાર્ટીમાં આમંત્રિત કર્યા. પાર્ટીમાં જોડાતા પહેલા જિતિન કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલને મળવા માટે તેમના નિવાસસ્થાને પહોંચ્યા હતા. અહીંથી તેઓ બીજેપીની ઓફિસ પહોંચ્યા અને પાર્ટીમાં જોડાઈ ગયા.

જિતિન પ્રસાદનું નામ તે યુવા નેતાઓમાં લેવામાં આવે છે જેમને રાહુલ ગાંધીના અત્યંત નજીકના માનવામાં આવે છે. કોંગ્રેસ માટે આ એક મોટો ઝાટકો છે કારણકે ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસ પાસે ગણતરીના જ ચહેરા બાકી રહ્યા છે. ઉત્તર પ્રદેશમાં આવતા વર્ષે વિધાનસભાની ચૂંટણી છે. આ ચૂંટણી માટે કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ પ્રિયંકા ગાંધી સતત કામ કરી રહ્યા છે. ચૂંટણી પહેલા જિતિને કોંગ્રેસ છોડીને રાહુલ અને પ્રિયંકા ગાંધીની ચિંતામાં વધારો કર્યો છે.

## ખરીફ પાકોના ટેકાના ભાવમાં વધારાની કેન્દ્ર સરકારની જાહેરાત

**ગત વર્ષની તુલનાએ તલના પાકના સૌથી વધુ ૪૫૨ રૂપિયા પ્રતિ ક્વિન્ટલે વધારો, તૂવેર-અડદ દાળના ભાવમાં પ્રતિ ક્વિન્ટલે રૂ.૩૦૦નો વધારો કરાયો**

નવી દિલ્હી, તા. ૯

કેન્દ્રીય મંત્રીમંડળમાં મોટા નિર્ણયો લેવામાં આવ્યા છે. સરકારે બજાર સત્ર ૨૦૨૧-૨૨ માટે ખરીફ પાક પર એમએસપી એટલે કે ન્યુનત્તમ ટેકાના ભાવને મંજૂરી આપી હતી. બુધવારે આ અંગે માહિતી આપતાં કેન્દ્ર સરકારે કહ્યું કે એમએસપીમાં ગત વર્ષની તુલનામાં સૌથી વધુ વૃદ્ધિ તલના પાક (રૂ. ૪૫૨ પ્રતિ ક્વિન્ટલ) પર કરવામાં આવી છે. આ પછી, તૂવેર અને અડદ પરના એમએસપી (બંને પ્રતિં ક્વિન્ટલ રૂ .૩૦૦) માં વધારો કરવામાં આવ્યો છે.

બીજી તરફ કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમારે કહ્યું કે વડા પ્રધાનની અધ્યક્ષતામાં બુધવારે મંત્રીઓ પરિષદની બેઠકમાં ખરીફ પાકનો એમએસપી જાહેર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સામાન્ય સ્તરના જે અનાજના ભાવ ૧૮૬૮ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ હતા તે ૨૦૨૧-૨૨માં




૧૯૪૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ થઈ ગયા છે. જે બાજરાના ભાવ ૨૦૨૦-૨૧માં ૨૧૫૦ રુપ્યા પ્રતિ ક્વિન્ટલ હતા તે હવે પ્રતિ ક્વિન્ટલના ૨૨૫૦ રૂપિયા થઈ ગયા છે.

આ નિર્ણયો વિશે માહિતી આપતી વખતે કેન્દ્રીય પ્રધાન પ્રકાશ જાવડેકરે કહ્યું કે એમએસપીને ખરીફ સીઝન પૂર્વે જાહેર કરવામાં આવી છે અને તેમાં પણ વધારો કરવામાં આવ્યો છે. રેલવે ટ્રાફિકને વધુ સુરક્ષિત બનાવવા માટે, રેલવેને ૪ જી સ્પેક્ટ્રમ વધુ ફાળવવામાં આવ્યા છે. હમણાં સુધી રેલવેમાં ૨ જી સ્પેક્ટ્રમનો ઉપયોગ કરાતો હતો. એટલું જ નહીં, હવે રેલવેમાં સ્વચાલિત ટ્રેન સંરક્ષણની સિસ્ટમ ખૂબ મજબૂત કરવામાં આવી રહી છે. ચાર ભારતીય કંપનીઓએ એવી સિસ્ટમ બનાવી છે કે જેથી બે વાહનોની ટક્કર ન થાય.

તે જ સમયે, કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમારે ટ્વીટ કર્યું હતું કે મોદી સરકાર ખેડૂતોની આવક બમણી કરવા માટે પ્રતિબદ્ધ છે. આર્થિક બાબતોની મંત્રીમંડળ સમિતિએ ખરીફ માર્કેટિંગ સીઝન ૨૦૨૧-૨૨ માટે તમામ ખરીફ પાક માટે લઘુતમ ટેકાના ભાવને મંજૂરી આપી દીધી છે.

## દેશમાં ૧૬ જૂનથી હોલમાર્કિંગ વિનાના ઘરેણાં નહીં વેચી શકાય

**સોનાની શુધ્ધતા પર થર્ડ પાર્ટીની ગેરંટી : ફક્ત ૧૪, ૧૮, ૨૨ કેરેટ સોનાના દાગીના વેચવા મંજૂરી**




નવી દિલ્હી, તા. ૯

આગામી ૧૬ જૂનથી સોનાના આભૂષણોનું હોલમાર્કિંગ શરૂ થઈ જશે. કેન્દ્ર સરકારે સોનાના આભૂષણો અને કલાકૃતિઓ માટે અનિવાર્યરૂપથી હોલમાર્કિંગની વ્યવસ્થા લાગુ કરવાની સમય મર્યાદા ૧ જૂનથી લંબાવીને ૧૫ જૂન સુધીની કરી દીધી હતી. મતલબ કે, ૧૫ જૂન બાદ ઝવેરીઓને ફક્ત ૧૪, ૧૮ અને ૨૨ કેરેટ સોનાના આભૂષણો વેચવાની જ મંજૂરી મળશે. બીઆઈએસ એપ્રિલ ૨૦૦૦થી સોનાના આભૂષણો માટે હોલમાર્કિંગ યોજના ચલાવી રહ્યું છે. હાલ આશરે ૪૦ ટકા સોનાના ઘરેણાઓનું હોલમાર્કિંગ થઈ રહ્યું છે. એક નિષ્ણાતના કહેવા પ્રમાણે આ નવા કાયદાથી ગ્રાહકોનું હિત સુરક્ષિત રહેશે. ગ્રાહકને ઠગી નહીં શકાય. સોનાની શુદ્ધતા પર થર્ડ પાર્ટીની ગેરન્ટી હશે. ગોલ્ડ હોલમાર્કિંગની ઘરમાં રહેલા સોના પર કોઈ અસર નહીં પડે. ગ્રાહક ઈચ્છે ત્યારે જૂના ઘરેણા વેચી શકશે. હોલમાર્કિંગ એ સોનીકામ કરનારાઓ માટેનો જરૂરી નિયમ છે. તેઓ હોલમાર્ક વગરનું સોનું નહીં વેચી શકે.

## પૂર્વીય લદ્દાખમાં ચીને તૈનાતી વધારતા ભારતે રાફેલ તૈનાત કર્યા

ન્યુ દિલ્હી,તા.૯

દેશમાં કોરોનાની બીજી લહેરની તીવ્રતા ઘટી રહી છે ત્યારે લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ (એલએસી) ખાતે તણાવ વધી રહ્યો છે. ચીને ફરી એક વખત પૂર્વીય લદ્દાખ ખાતે પોતાની તૈનાતી



વધારી દીધી છે. આ સાથે જ ચીની વાયુ સેનાએ તાજેતરમાં જ ભારતીય સરહદ પાસે એક વિશાળ યુદ્ધાભ્યાસ કર્યો હતો. આ અભ્યાસ બાદ ભારતની ગુપ્તચર એજન્સીઓ ચોંકી ઉઠી છે.

ટોચના સરકારી સૂત્રો દ્વારા મળતા અહેવાલ પ્રમાણે ચીની વાયુ સેનાના આશરે ૨૦ કરતા પણ વધારે ફાઈટર પ્લેને પૂર્વીય લદ્દાખ ક્ષેત્ર સામે થયેલા યુદ્ધાભ્યાસમાં હિસ્સો લીધો હતો. ગત વર્ષે પૂર્વીય લદ્દાખ ખાતે ચીની સેનાએ જ્યાંથી પોતાના જવાનોને તમામ મદદ પહોંચાડી હતી ત્યાં જ આ યુદ્ધાભ્યાસ કરવામાં આવ્યો હતો.

જાણવા મળ્યા મુજબ ભારતે પોતાની ઉચ્ચ તૈયારીઓ જાળવી રાખવા ઉત્તરી સરહદમાં રાફેલ ફાઈટર પ્લેન સહિત પોતાના ફાઈટર પ્લેન કાફલાને પણ સક્રિય કરી દીધો છે. પ્રાપ્ત અહેવાલો પ્રમાણે ભારતની નજર લદ્દાખ સામે ચીની સરહદ પર આવેલા કાશગર, હોતાન, નગારી ગુન્સા, શિગાત્સે, લ્હાસા ગોગંકર, ન્યિંગચી અને ચમડો પંગટા એરબેઝ પર છે.

સરકારી સૂત્રો દ્વારા મળતા અહેવાલ પ્રમાણે શિનજિયાંગ અને તિબેટ સ્વાયત્ત સૈન્ય ક્ષેત્ર ખાતે આવેલા ૭ ચીની સૈન્ય ઠેકાણાઓ પર નજર રાખવા માટે ઉપગ્રહો અને મોનિટરિંગના અન્ય રૂપોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

## અમેરિકન કંપની ફાઈઝરે બાળકો પર કોરોના રસીનું ટ્રાયલ શરૂ કર્યું

**પહેલા તબક્કામાં ગણતરીના બાળકોને જ વેક્સિનના અલગ-અલગ ડોઝ આપવામાં આવશે : વિશ્વના ૪ દેશોના ૪,૫૦૦ કરતા વધારે બાળકોની પસંદગી**

ન્યૂયોર્ક,તા.૯

કોરોના વાયરસની વેક્સિન બનાવનારી અમેરિકી કંપની ફાઈઝરે ૧૨ વર્ષ કરતાં ઓછી ઉંમરના બાળકો પર પોતાની કોરોના વેક્સિનનું ટ્રાયલ શરૂ કરી દીધું છે. પહેલા તબક્કામાં ગણતરીના બાળકોને જ વેક્સિનના અલગ-અલગ ડોઝ આપવામાં આવશે. આ માટે ફાઝરે વિશ્વના ૪ દેશોના ૪,૫૦૦ કરતા વધારે બાળકોની પસંદગી કરી છે. જે દેશોમાં બાળકો પર ફાઈઝરની વેક્સિનની ટ્રાયલ થવાની છે તેમાં અમેરિકા, ફિનલેન્ડ, પોલેન્ડ અને સ્પેનનો સમાવેશ થાય છે.

ફાઈઝરના કહેવા પ્રમાણે પરીક્ષણના પહેલા તબક્કામાં વેક્સિનના નાના ડોઝની પસંદગી કર્યા બાદ ૧૨ વર્ષ કરતા ઓછી ઉંમરના બાળકોના જૂથ પર કોવિડ-૧૯ વેક્સિનનું પરીક્ષણ શરૂ કરી દેવામાં આવ્યું છે.

ફાઈઝરની કોવિડ વેક્સિનને પહેલેથી જ અમેરિકા અને યુરોપિય સંઘમાં ૧૨ વર્ષ કરતા વધારે ઉંમરના બાળકોને આપવા મંજૂરી અપાઈ ચુકી છે. જોકે આ મંજૂરી ઈમરજન્સી ઉપયોગ માટે જ આપવામાં આવી છે. ફાઈઝરે કોરોનાની આ વેક્સિન પોતાના જર્મન પાર્ટનર બાયોએનટેક સાથે મળીને બનાવી હતી. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને આ કંપનીની વેક્સિનને જ સૌથી પહેલા પોતાની મંજૂરી આપી હતી.

કંપનીએ જણાવ્યું કે, વેક્સિનેશન ટ્રાયલ માટે આ સપ્તાહથી ૫થી ૧૧ વર્ષની ઉંમરના બાળકોની પસંદગી શરૂ કરી દેવામાં આવશે. આ બાળકોને ૧૦ માઈક્રોગ્રામના ૨ ડોઝ આપવામાં આવશે. આ ડોઝ કિશોરો અને વયસ્કોને આપવામાં આવતા વેક્સિન ડોઝના ત્રીજા ભાગનો છે.


## દ્વિતિય માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. બકુલ કનૈયાલાલ જોષી**

સ્વર્ગવાસ તા. ૧૦/૪/૨૦૨૧

**મામા !**

તમારી અચાનક અણધારી વિદાય એ અમારા માટે વજઘાત છે, ઝંઝાવાત છે, તમારું ન હોવું, અમારું મન સ્વિકારી નથી શકતું... રોજેરોજ તમારા યાદ રૂપી વાદળ ઘેરાય છે અને અશ્રુ સ્વરૂપે વહી જાય છે...

ઝંકૃતિ, સંસ્કૃતિ
જીજ્ઞાસા ચંદ્રકાન્ત રાવલ
દર્શના બકુલ જોષી
ઉર્વ, પ્રાંજલી
પ્રવિણાબેન જોષી
કનૈયાલાલ જોષી